ડાકોરમાં ફાગણી પૂનમનો મેળો નજીક હોવા છતાં માર્ગ અને મકાન વિભાગની આળસથી હાલાકી વધશે

યાત્રાધામ ડાકોરને જોડતાં સેવાલિયા અનેમહુધાનામાર્ગો 'હાડકાતોડ'બન્યાં

નડિયાદ-ગોધરા રોડ ચકાચક પણ ડાકોર-સેવાલિયાનો ટુકડો બાકી રાખતાં રોષ

(પ્રતિનિધિ) સેવાલિયા તા.20

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરને જોડતા મુખ્ય માર્ગો હાલમાં બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો અને પદયાત્રીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ડાકોર માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) ના અધિકારીઓની કથિત આડોડાઈ અને બેદરકારીને કારણે યાત્રાધામની સતત ઉપેક્ષા થઈ રહી હોય તેમ જણાય છે. એક તરફ રાજ્ય સરકાર પ્રવાસન સ્થળોના વિકાસની વાતો કરે છે, ત્યારે બીજી તરફ ડાકોરના પાયાના એવા રસ્તાઓ જ ભંગાર હાલતમાં હોવાથી તંત્ર સામે રોષ ફાટી નીકળ્યો છે.

તસવીરઃ સંજય શાહ

આશ્ચર્યની વાત એ છે કે નડિયાદથી ગોધરા સુધીનો માર્ગ આખેઆખો નવો બનાવી દેવામાં આવ્યો છે, પરંતુ ડાકોરથી સેવાલિયા વચ્ચેનો ટુકડો જેમનો તેમ મસમોટા ખાડાઓ સાથે છોડી દેવાયો છે. તેવી જ રીતે અમદાવાદથી મહુધા સુધીનું કામ પૂર્ણ થયું છે, પણ મહુધાથી ડાકોર સુધીનો રસ્તો ભંગારની હાલતમાં છે. સ્થાનિક લોકો આક્ષેપ કરી રહ્યા છે કે માર્ગ મકાન વિભાગના અધિકારીઓ માત્ર કોન્ટ્રાક્ટરોની ફિકર કરવામાં વ્યસ્ત છે અને રસ્તાની મરમ્મત કરવાને બદલે ઠાસરા-ડાકોર વચ્ચે ડિવાઈડરની કામગીરીમાં જ રસ દાખવી રહ્યા છે. ડાકોર આર એન્ડ બી વિભાગના અધિકારીઓ જાણે 'આંખે કમજોર અને કાને બહેરા' હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વાહનચાલકોની રોજબરોજની ફરિયાદો છતાં તંત્રને ખાડા પૂરવાની નવરાશ નથી. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? તેવો પ્રશ્ન સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યો છે.

ફાગણી પૂનમ માથે છે, પદયાત્રીઓ કેમ ચાલશે?

આગામી દિવસોમાં ડાકોરમાં ફાગણી પૂનમનો મોટો મેળો ભરાનાર છે, જેમાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડશે. ખાસ કરીને ડાકોર-મહુધા માર્ગ પદયાત્રીઓ માટે મુખ્ય છે, છતાં ત્યાં ખાડાઓનું સામ્રાજ્ય છે. જો મેળો શરૂ થાય તે પહેલા આ માર્ગો દુરસ્ત કરવામાં નહીં આવે, તો શ્રદ્ધાળુઓની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નો ઉભા થશે તેવી માંગ ઉઠી રહી છે.

કપડવંજમાં કિન્નર સમાજની ભવ્ય શોભાયાત્રા નિકળી

સનાતન ધર્મ કિન્નર સંપ્રદાય દાદા ગંગારામ વૈષ્ણવ કિન્નર સમાજના મહા સંમેલન અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શહેરમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. નાની રત્નાકર માતા રોડ સ્થિત અખાડાથી નીકળેલી આ યાત્રામાં 15 જેટલી બગીઓ અને બેન્ડવાજાના તાલે રાજ્ય તેમજ દેશભરમાંથી મોટી સંખ્યામાં કિન્નરો અને સાધુ-સંતો જોડાયા હતાં. ટાઉન હોલ, આઝાદ ચોક અને ડાકોર ચોકડી જેવા વિવિધ માર્ગો પર ફરીને આ શોભાયાત્રા કિન્નરોના મઠ ખાતે સંપન્ન થઈ હતી. મહોત્સવ દરમિયાન હાલ રોજ રાત્રે ગરબા અને ભજન-કીર્તનના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેમાં કિન્નર સમાજની સાથે સામાન્ય નાગરિકો પણ ભક્તિભાવપૂર્વક જોડાઈ રહ્યા છે. **તસવીર : હરિશ જોષી**

માતરના માલાવાડા પે સેન્ટર શાળામાં 'માતૃ-પિતૃ પૂજન દિવસ'ની ઉજવણી કરાઇ

માતરના માલાવાડની પે સેન્ટર શાળા માલાવાડા ખાતે માતૃ-પિતૃ પૂજન દિવસની ખૂબ જ સુંદર અને સંસ્કારપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં માતા-પિતા પ્રત્યે આદર, સન્માન અને કૃતજ્ઞતાની ભાવના વિકસાવવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાને તિલક કરી, ફૂલ અર્પણ કર્યા હતા અને તેમના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા હતા. - **પ્રગ્નેશ ભાવસાર.**

હાડગુડ પંચાયતે નાળું બંધ કરી દેતા 15થી 20 પરિવારોના સ્વાસ્થ્ય સામે ખતરો

આણંદ :ઝાંખરીયા ગામમાં 'સ્વચ્છતા અભિયાન'ના ઉડ્યા લીરેલીરા ઊડ્યાં

ઇન્દિરાનગરીમાં અઢી મહિનાથી ગટરના પાણી ઉભરાતા રસ્તાઓ બન્યા નરક

(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ તાલુકાના ઝાંખરીયા ગામના ઈન્દિરાનગરી વિસ્તારમાં છેલ્લા અઢી મહિનાથી ગટરના ગંદા પાણી જાહેર માર્ગો પર વહી રહ્યા છે. જિલ્લા વહીવટી તંત્રના 'સ્વચ્છતા અભિયાન'ના મોટા-મોટા દાવાઓ વચ્ચે અહીંના સ્થાનિક રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં અને રોગચાળાની ભીતિમાં જીવવા મજબૂર બન્યા છે.

ઝાંખરીયા ગામના ઈન્દિરાનગરી વિસ્તારમાં વસતા 15થી 20 પરિવારો છેલ્લા અઢી માસથી ઉભરાતી ગટરના પ્રદૂષિત પાણીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગટરના પાણીનો નિકાલ ન થવાને કારણે ગંદકી રસ્તા પર જમા થઈ રહી છે, જેના કારણે સ્થાનિકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. રહીશોના જણાવ્યા મુજબ, લાંબા સમયથી તેમને આ દુર્ગંધ મારતા પાણી વચ્ચેથી જ પસાર થવું પડે છે.

આ ગંભીર સમસ્યા અંગે ઝાંખરીયા ગ્રામ પંચાયત દ્વારા બે મહિના પૂર્વે જ તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અને રોડ વિભાગને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં, સરકારી કચેરીઓ દ્વારા હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. સરકારી તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને 'દિવા તળે અંધારા' જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ અંગે ઝાંખરિયાના સરપંચ અશોકભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ઈન્દિરાનગરીની ગટરનું પાણી વર્ષોથી હાડગુડ ગ્રામ પંચાયતના નાળામાં જતું હતું, જે બન્ને ગામની સમજૂતીથી જતું હતું. જોકે, હાડગુડ પંચાયતે આ નાળું બંધ કરી દેતા પાણીનો નિકાલ અટકી ગયો છે.

ખાનપુરપંથકમાંવરસાદના ઝાપટાંથી ખેડૂતો ચિંતાતુર

વહેલી સવારથી વાતાવરણમાં પલટો, બાગાયતી પાકો અને આંબાના મોર પર જોખમ

(પ્રતિનિધિ) ખાનપુર તા.20

ખાનપુર તાલુકા સહિત સમગ્ર ગ્રામ્ય પંથકમાં હવામાન વિભાગની આગાહીના પગલે વહેલી સવારથી જ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. હળવાથી મધ્યમ કમોસમી વરસાદી ઝાપટાં નોંધાતા ખેતી પાકો પર જોખમ ઊભું થયું છે, જેને પરિણામે જગતના તાતમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે.

ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટાં પડ્યા હતા. હાલ ખેતરોમાં પાક કાપણી માટે તૈયાર છે, એવામાં અચાનક આવેલા કમોસમી વરસાદને કારણે પાકને મોટાપાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. પશુઓનો ઘાસચારો પલળી ન જાય તે માટે ખેડૂતોએ તાત્કાલિક સુરક્ષિત વ્યવસ્થા કરવા દોડધામ કરી મૂકી હતી.

આ ઉપરાંત સતત વાદળછાયા અને ભેજવાળા વાતાવરણને કારણે ખેતી પાકો ઉપરાંત બાગાયતી ખેતીને પણ માઠી અસર થવાની શક્યતા છે. ખાસ કરીને આંબાના મોરને નુકસાન થવાનો ભય રહેલો છે. બીજી તરફ, આ કમોસમી વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, પરંતુ બેવડી ઋતુના અનુભવને કારણે સ્થાનિકોમાં રોગચાળો ફેલાવાની પણ દહેશત સેવાઈ રહી છે. આથી, તાત્કાલિક પગલાં ભરવા માંગ ઊઠી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ગલશાણા ગામે પ્રાકૃતિક ખેતી અને મૂલ્યવર્ધન વિષય પર ખેડૂત તાલીમ શિબિર યોજાઈ

આણંદ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ગલશાણા ગામે 150 ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી, મૂલ્યવર્ધન અને માર્કેટિંગ વિષય પર

તાલીમનું આયોજન કરાયું હતુ. સંસ્થાના વડા ડો. વિરેન્દ્ર પરમારે ઔષધીય પાકોની ખેતી અને સોશિયલ મીડિયા થકી વેચાણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ દરમિયાન ખેડૂતોએ અશ્વગંધા અને ઘઉંની ઉન્નત જાતોના નિદર્શન પ્લોટની મુલાકાત લઈ આધુનિક ખેતી પદ્ધતિઓ વિશે જાણકારી મેળવી હતી. પ્રગતિશીલ ખેડૂત રામદેવસિંહ ચાવડા દ્વારા ઘઉંના પાકમાં અશ્વગંધાના આંતરપાક તરીકે કરાયેલા સફળ પ્રયોગનું પણ ખેડૂતોએ સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું.

ચારુસેટના 'સ્પાર્કાથોન 2.0'માં 30 શાળાના વિદ્યાર્થીઓએ નવીન વિચારો રજૂ કર્યા

આણંદ | ચારુસેટ યુનિવર્સિટીની રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી દ્વારા યુવા વિદ્યાર્થીઓમાં ઇનોવેશન અને વૈજ્ઞાનિક વિચારધારાને પ્રોત્સાહન આપવા 'સ્પાર્કાથોન 2.0' નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઇવેન્ટમાં 30 શાળાઓના ધોરણ 8 થી 12 ના વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સ અને સસ્ટેનેબિલિટી જેવા આધુનિક વિષયો પર પોસ્ટર અને આઇડિયા પિચિંગ દ્વારા પોતાના પ્રોજેક્ટ્સ પ્રદર્શિત કર્યા હતા. આ સ્પર્ધામાં પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલે પ્રથમ ઇનામ મેળવ્યું હતું, જ્યારે આણંદની ડી.ઝેડ. પટેલ હાઇ સ્કૂલ પ્રથમ રનર-અપ અને પીએમ જવાહર નવોદય વિદ્યાલય દ્વિતીય રનર-અપ વિજેતા બન્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

એનએસ પટેલ આર્ટ્સ કોલેજમાં 'આદિવાસી લોકપરંપરા' વિષય પર સેમિનાર યોજાયો

આણંદ | આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજ અને KCGના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય જ્ઞાનપરંપરામાં આદિવાસી લોકપરંપરા' વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો હતો.

પ્રકૃતિ પૂજનથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડો. કાનજી પટેલે આદિવાસી સંસ્કૃતિની અસ્મિતા અને વિશિષ્ટતાઓને વિગતે વર્ણવી હતી. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો.ભીખુભાઈ પટેલે આદિવાસી સમાજના ઉમદા ગુણો પર ભાર મૂકતા પોતાનું અધ્યક્ષીય ઉદ્બોધન આપ્યું હતું. સેમિનારમાં વિવિધ સત્રો દરમિયાન નિષ્ણાતોના વ્યાખ્યાનો અને શોધપત્ર વાચન દ્વારા આદિવાસી સાહિત્ય અને પરંપરા પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

સરદાર પટેલ યુનિ.ના ઇતિહાસ વિભાગ દ્વારા દિલ્હી-મથુરાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ઇતિહાસ વિભાગ દ્વારા દિલ્હી, મથુરા અને વૃંદાવનના ઐતિહાસિક સ્થળોનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં એમ.એ. અને પીએચ. ડી.ના 51 વિદ્યાર્થીઓએ તાજમહેલ, કુતુબમિનાર અને રાષ્ટ્રીય સંગ્રહાલયની મુલાકાત લઈ પ્રાચીન શિલ્પકૃતિઓ અને દસ્તાવેજોનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો હતો,,. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય દફતર ભંડારમાં દસ્તાવેજોની જાળવણીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ નિહાળી અને મુઘલ તથા બ્રિટિશકાલીન સ્થાપત્ય કલા વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી.

બીવીએમ એન્જીનીયરીંગ કોલેજ ખાતે 'હાઈ-સ્ટ્રેન્થ કોન્ક્રીટ મિક્સ ડિઝાઇન' પર વર્કશોપ યોજાયો

આણંદ | ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (BVM) ના સ્ટ્રક્ચરલ એન્જીનીયરીંગ વિભાગ દ્વારા આધુનિક હાઈ-રાઇઝ બિલ્ડીંગોમાં ઉપયોગી મિક્સ ડિઝાઇન ઓફ હાઈ-

સ્ટ્રેન્થ કોન્ક્રીટ વિષય પર એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે આ વર્કશોપને ઇન્ડસ્ટ્રી અને ઇન્સ્ટિટ્યૂટને જોડવા માટે મહત્વનો ગણાવ્યો હતો, જેમાં અલ્ટ્રાટેક સિમેન્ટના રિજિયોનલ હેડ મયુર ભંડારકર અને વિભાગીય વડા ડો. દર્શના ભટ્ટે પણ માર્ગદર્શન આપ્યું હતું. આ વર્કશોપમાં M70 ગ્રેડ કોન્ક્રીટ ડિઝાઇન, IS કોડ સ્ટાન્ડર્ડ્સ અને કોન્ક્રીટની કાર્યક્ષમતા વધારવા માટેના વિવિધ પાસાઓ પર 60 વિદ્યાર્થીઓ અને 10 પ્રાધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આણંદની ડી.એન.ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં 'સ્પોર્ટ્સ ડે' ની ઉજવણી

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આ કોલેજમાં બીબીએના વિદ્યાર્થીઓ માટે દોડ, ગોળા ફેંક અને ચક્ર ફેંક જેવી

વિવિધ રમતગમત સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધાઓમાં વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવ બદલ રાહુલ કુમાર ગોહિલ અને નેન્સી પટેલ 'ચેમ્પિયન' જ્યારે પ્રતિક ડામોર અને કોમલ વાઘેલા 'રનર્સ-અપ' જાહેર થયા હતા. સ્પોર્ટ્સ ઇન્ચાર્જ દીપરાજસિંહ ઝાલાના સંચાલન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે શુભેચ્છા પાઠવી હતી.

સ્પેક એન્જીનીયરીંગ કોલેજ ખાતે 'ઈલેક્ટ્રિક વાહન' વિષય પર ટ્રેનિંગ યોજાઇ

આણંદ | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગના ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા 'ઈલેક્ટ્રિક વાહન' વિષય પર વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું

હતું. આ ટ્રેનિંગમાં વિદ્યાર્થીઓને ઈલેક્ટ્રિક વાહનની બેટરી, મોટર અને કંટ્રોલર જેવા ભાગો એસેમ્બલ કરવાની ટેકનિકલ માહિતી અને સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં EC, ઇલેક્ટ્રિકલ અને સિવિલ વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટીગણે આ સફળ આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

આણંદની જે.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા વઘાસી ગામે રૂરલ સ્ટડી કેમ્પ યોજાયો

આણંદ | આણંદ પીપલ મેડિકેર સોસાયટી સંચાલિત જે.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ વર્કના દ્વિતીય સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે વઘાસી ગામે રૂરલ સ્ટડી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સરકારી અધિકારીઓ દ્વારા બાળ લગ્ન અટકાયત, પોસ્કો એક્ટ, બાળ સંરક્ષણ અને ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓ તેમજ સ્વરોજગાર વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગામમાં સોશિયલ મેપિંગ અને સર્વે કરવાની સાથે વ્યસનમુક્તિ, સ્ત્રી સશક્તિકરણ તથા અંધશ્રધ્ધા જાગૃતિ માટે રેલી અને શેરી નાટકો દ્વારા જનજાગૃતિ ફેલાવી હતી. સંસ્થાના પ્રમુખ બિપીનચંદ્ર પટેલ (વકીલ) અને સીઈઓ ડો. પાર્થ પટેલ સહિતના મહાનુભાવોએ આ સફળ આયોજન બદલ સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

મધ્ય ઝોન કક્ષાના રમતોત્સવમાં ડાયટ સંતરામપુરની ટીમ વોલીબોલમાં પ્રથમ રહી

લુણાવાડા | દેવગઢબારીયા ખાતે યોજાયેલા મધ્ય ઝોન કક્ષાના રમતોત્સવમાં મધ્ય ગુજરાતના છ જિલ્લાની ડાયટ સંસ્થાઓના

તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ડાયટ સંતરામપુરની ટીમે વોલીબોલમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે દોડમાં યુવરાજસિંહ અને લાંબી કૂદમાં પ્રવીણ પગીએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તાલીમાર્થીઓ ઉપરાંત અધ્યાપક હર્ષદભાઈ પટેલે લાંબી કૂદમાં અને રાની પંચાલે 100 મીટર દોડમાં દ્વિતીય ક્રમ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. જીસીઈઆરટીના સચિવ એસ.જે. ડુમરાળિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મુઝમ્મીલ લડબડે ટેબલ ટેનિસમાં તૃતીય સ્થાન મેળવી સફળતા મેળવી હતી.

સીવીએમ યુનિવર્સિટીના NCC કેડેટ્સે આરડીસી કેમ્પમાં સન્માન કરવામાં આવ્યું

આણંદ | નવી દિલ્હી ખાતે આયોજિત આરડીસી 2026માં સીવીએમ યુનિવર્સિટીના કેડેટ રાઠોડ ગુરુરાજસિંહ અને લાધવાલા દેવે ઉત્કૃષ્ટ દેખાવ કરી ગુજરાતનું નામ રોશન કર્યું છે. કેડેટ લાધવાલા દેવને ડીજી એનસીસી દ્વારા 'કોમેન્ડેશન કાર્ડ' અને બંને કેડેટ્સને એડીજી ગુજરાત દ્વારા 'એપ્રીસીએશન મેડલિયન' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કેડેટ્સે કેમ્પ દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને આર્મી ચીફ જેવા મહાનુભાવો સાથે સંવાદ કરવાનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યું હતું. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલે આ સફળતાને શિસ્ત અને શ્રેષ્ઠ માર્ગદર્શનનું પરિણામ ગણાવી સમગ્ર એનસીસી ટીમને બિરદાવી હતી.

ખેરગામના કાકડવેરી ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ

ખેરગામ : ખેરગામના કાકડવેરી ગામના નવનિર્મિત ગ્રામ પંચાયત મકાનનું મંત્રી નરેશ પટેલે લોકાર્પણ કર્યું હતું. મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, નવનિર્મિત ગ્રામ પંચાયત મકાનથી ગ્રામજનોની સુવિધાઓમાં વધારો થશે અને ગ્રામ્ય વહીવટ વધુ સુચારુ તથા કાર્યક્ષમ બનશે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે સરકારી સેવાઓના ડિજિટલિકરણથી પારદર્શિતા અને ઝડપ બંનેમાં વધારો થયો છે અને વિવિધ યોજનાઓના લાભો સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં Direct Benefit Transfer (DBT) માધ્યમથી જમા થતાં મધ્યસ્થી પ્રણાલીમાં ઘટાડો થયો છે. આ સાથે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાય, હોસ્ટેલ, સ્કોલરશિપ અને તાલીમ જેવી અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેના પરિણામે આદિવાસી સમાજ શિક્ષણ અને વિકાસની મુખ્ય ધારામાં જોડાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ પટેલ, ભાજપ પ્રમુખ લીતેશભાઈ, મહામંત્રી ચેતનભાઈ, વિજયભાઈ, સરપંચ નરેન્દ્ર પટેલ, ખેરગામ તાલુકા વિકાસ અધિકારી વિરાણી સહિત સરપંચો, આગેવાનો, અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં